# નવરાત્રિનાં નવ દિવસ માં દૂર્ગા અને માં લક્ષ્મીની કૃપા મેળવવા માટેની ચમત્કારિક ગુરૂચાવી

**- ૐ ઋષિ પ્રિતેશભાઇ**

નવરાત્રિનાં પવિત્ર નવ દિવસ દરમ્યાન જો માં દૂર્ગા અને માં લક્ષ્મીની શક્તિઓ અને એ શક્તિઓનાં માધ્યમથી આપના ઘરમાં સમૃદ્ધિ અને ખાસ કરીને માં લક્ષ્મીદેવીનો વાસ થાય, આપનાં ઘરમાં સ્થિર થાય અને આ નવ દિવસની સાધનાંની માધ્યમથી આ વર્ષ દરમ્યાન આપ અકલ્પ્ય રીતે આપની મનોકામનાઓ પરિપૂર્ણ કરી શકો તે માટે સિદ્ધ દૂર્ગા લક્ષ્મી સાધના અને શક્તિપાત આ નવ દિવસ દરમ્યાન હું આપને કરાવી રહ્યો છું. આ સાધના કળિયુગમાં ક્યારેય પણ કરવામાં આવી નથી. ઋષિ પ્રકંડ જે ઋષિ વશિષ્ઠનાં શિષ્ય હતા તેમણે આ સાધના સિદ્ધ કરી હતી અને એ સમયે આ સાધનાનાં માધ્યમથી અનેક લોકોએ પોતાની આર્થિક, ભૌતિક અને શારીરિક સમસ્યાઓનું સમાધાન મેળવ્યું હતું. આ ફક્ત ને ફક્ત સાધના નથી પરંતુ શક્તિનો એવો સમન્વય છે કે જેના માધ્યમથી આપ આ એક જ વર્ષમાં એનું ચમત્કારિક ફળ પોતાના કુટુંબમાં જોઇ શકશો. આ સાધના કરવા માટે નીચે આપેલ ચક્રો લેમીનેશન કરીને તૈયાર કરવા. આ ચક્રને તમારે પૂજાનાં સ્થાનમાં અથવા તો પોતાના ઘરમાં કોઇપણ એક રૂમમાં બાજઠ ઉપર અથવા તો પાટલા ઉપર લાલ કપડું પાથરી એની સામે બેસીને નીચેનાં મંત્રની એક માળા કરવી. માળા કરતી વખતે પિત્તળની અથવા તો સ્ટીલની તપેલીમાં પાણી લઇ જમણા હાથની આંગળી પાણીમાં રાખવી. પછી એ અભિમંત્રિત જળ ઘરનાં સભ્યોએ થોડું થોડું પીવું અને બાકીનાં જળનો ઘરમાં છંટકાવ કરી દેવો.

**મંત્રઃ ॥ ૐ દુર્ગેશુ દુર્ગેશુ પ્રાજવલ્ય પ્રાજવલ્ય પ્રાગટ્ય પ્રાગટ્ય નમઃ ॥**

**શ્રી લક્ષ્મીદેવી ચક્ર**



## શ્રી દુર્ગાદેવી ચક્ર




## શ્રી શક્તિપાત ચક્ર




## શ્રી કાર્યસિદ્ધિ ચક્ર




**।। ૐ નમઃ ।।**